# –: અખ્બારે દોઆતે મુત્લકીન :–

## ૧૨ માં દાઇએ મુત્લક
## સૈયદના મોહંમદ બિન હાતિમ બિન સૈ.હુસૈન (ક.રૂ.)

૭૨૮ હી. માં આપ તખ્તે તૈયેબી પર જલ્વાઅફરોઝ થયા બાદ દાઅવતનો નિઝામ અને લુગામ બાખૂબી હાથમાં લીધી. ખાસ તૌર પર મુમેનીન અને બીજી કૌમોના મુસલેમીન ના દરમિયાન આપે ભાઈચારો અને મોહબ્બત કાઈમ કીધી અને માલી હાલાતને ઉસ્તવાર કરવા વાસ્તે આપ કોશિશે પૈહમ કરતા રહ્યા. આપ મુમેનીનને શરીઅત અને કુરઆનના કાઈદાઓની તાઅલીમ આપતા રહ્યા અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના કલામ અને અમલ પર હમેશા ચાલવાની તાકીદ ફરમાવતા રહ્યા. આપે મુમેનીનની તાઅલીમો તરબીયત વાસ્તે ઘણી જગાઓ પર મદ્રસા તાઅમીર કીધા.

દોઆતના રોઝમર્રાની ઝિંદગીમાં મુમિનોની ભલાઈ, મુસ્તકબિલની ઝિંદગી સઁવારવાની કોશિશ, દીન તરફ રગબત, હલાલ રોઝીની કમાઈ વાસ્તેની તદબીર અહમ હતી. મુમેનીન રાહે રાસ્ત પર ચાલીને દુનિયા સાથે દીનની બેહતરી અને બરતરી પહેચાને તે વાસ્તે ઝાતી દિલચસ્પી લઈને આપ મૌલાએ દીની તાઅલીમની નશરીયાત વાસ્તે મદ્રસાઓ ઈબ્તેદા કીધા. ઈલ્મની નહેર જારી કરીને આપે મુમેનીનની ઈલ્મી પ્યાસ બુઝાવવાને સાથે પરહેઝગારી, હિલ્મ, જાઁનિસારી અને ફરમાઁબરદારીના સબકો પણ પઢાવીને રગબત અપાવી. સખાવત અને રહેમદીલી સાથે ખુદાએ આપની ઝબાને મુબારકમાં એ દરજાની ફસાહત, બલાગત, નુદરત અને શીરીની અતા ફરમાવેલી હતી કે આપના નૂરાની કલેમાત સમાઅત ફરમાવવા લોગોનો હુજૂમ અને ઈઝદેહામ રહેતો.

આપની દોઆનો લેહજો, અદાયગી અને શીરીની એ તરહની હતી કે, હજ્જના મૌકા પર આપે ફરમાવેલી દોઆ અને મુનાજાત મુમેનીનની ઝબાન અને દિલોમાં વરસો તક કાઈમ-દાઈમ રહેલી હતી. આપે દોઆમાં ફરમાવેલું કે,**"અય ખૂદાવંદે આલમ ! મુઝ ગુનેહગાર પર કરમ કર અને સઘલા આઝેમીને હજ્જની દોઆ મુસ્તજાબ કર. કયામતના દિન સર્વે ગુનેહગારોની ગિન્તી થાય તે વક્તે અમો સઘલા ગુનેહગારોને શફાઅત નસીબ થાય. "**

હજ્જે અઝીમથી મુશર્રફ થઈને આપ પધારા તે વક્ત આપના દીદાર મુબારકને વાસ્તે હુજૂમને સાથે મુમેનીન આપની દેવડી મુબારક પર પધારા હતા. આપના ઘરના અફરાદ અલી, અબ્દુલમુત્તલિબ અને અબ્બાસ મુમેનીનની ખિદમતમાં હાઝર હતા. દૌરાને હજ્જ આપના મોટા દીકરા અલી, જે ઘણા મુત્તકી અને પરહૈઝગાર હતા, વતનમાં આવતા જ બીમાર થઈ ગયા અને આપની વફાત થઈ ગઈ. આથી આપના દિલ પર અઝીમ સદમો તારી થયો. આપ મૌલા જિસ્માની તૌર પર લાગિર થઈ ગયા. આપને બેહોશી તારી થઈ ગઈ. આ હાલાતમાં પણ આપે દીકરાની શાનમાં મરસીયો રકમ ફરમાવો. માનો કરબલાના વાકેઆને યાદ કરીને, હ.હુસૈન (અ.સ.) સાથે અલી અકબર (અ.સ.) ની જુદાઈની મંઝરકશી કરીને આપે ફરમાવું કે, "અય અલી, આપ ફૌત થઈ ગયા પણ મારી આઁખની બસીરત ઓછી થઈ ગઈ. અય બેટા ! આપની વફાતથી મને હવે આરામની ઉમ્મીદ નથી. અય મારી આઁખોની ઠંડક ! હવે તલેબતોને ઈલ્મના સબકો કોન પઢાવશે ? અરે ! મારી ઝઈફીમાં મારી હિફાઝત અને ખિદમત કોન કરશે ? મારા ફરમાનોને લબ્બૈક કોન બોલશે ?" આપની ગમગીની અને પશૈમાનીમાં મુમેનીન આપને ધારસ બંધાવતા હતા. આપના દીકરાના બે ફરઝંદો અબ્દુલ્લાહ અને હુસૈન આપની ઝૈરે નિગરાનીમાં ઈલ્મી તરબીયતના ઘણા બાબો શીખા. આપ આ બે નૂરે ઐનને જોઈને દીકરાને હર વક્ત યાદ કરતા. પરવરદિગારની બારગાહમાં દોઆ કરતા કે, **" અય માઅબૂદ ! કોઇ પણ નાના બચ્ચાને યતીમ ન કરજો. "**

આપની ખિદમતમાં આપના કાકાજીના દીકરા સૈયદના અલી બિન ઈબ્રાહીમ આપના સાયાની જેમ રહેતા હતા. હરએક મુશ્કિલ અમરમાં આપ મૌલાને તાઈદ કરીને, દુશ્મનો સામે જેહાદ કરીને અને લડાઈના મૈદાનમાં બહાદુરીથી દુશ્મનોને શિકસ્ત આપીને આપે હિજરે બની ઉસ્માનને ફતહ કીધું . ફત્હે મુબીન બાદ તમામ મુમેનીનને મીસાકથી મુશર્રફ કીધા. તે બાદ તે હિજરે બની ઉસ્માનના મુમેનીનને રબીઉલ અવ્વલની તા. ૧ હિ. ૭૨૯ માં તે કિલ્લો પાછો સુપરત કીધો. તે સબબ મુમેનીને એહસાનમંદી અને શુક્રગુઝારીના સજદા બજા લાવીને આપનું શાનદાર ઈસ્તિકબાલ કરીને જશન મનાવું. આહિસ્તા આહિસ્તા ઝમાનાના ગુઝર બાદ આપના બદનમાં નકાહત આવતા આપ બીમારીમાં મુબ્તેલા થયા. આપે સઘલા હુદૂદો-મશાઈખોને તલબ કરીને, એમની હાઝરીમાં આપના કાકાજીના ફરઝંદે અરજુમંદ અલી બિન સૈયદના ઈબ્રાહીમ પર નસ્સેજલી કીધી અને દાઅવતની અમાનત-બાગદૌરને સોંપી. તે બાદ આપ ઝિલહજ્જની તા.૧ હિ. ૭૨૯ હિસ્ને અફએદાફમાં વફાત થયા. આપનો મુબારક મઝાર આજ જગા પર વાકેઅ છે. આપ દાઅવતે હાદીયાહની મસનદ પર ૧ વરસ, ૧ મહીનો અને ૭ દિવસ ફાઈઝ રહ્યા. ★

## ૧૩ માં દાઇએ મુત્લક
## સૈયદના અલી શમ્સુદ્દીન બિન સૈ. ઈબ્રાહીમ બિન સૈ. હુસૈન (ક.રૂ.)
### " હર ફૂલ નિરાલા હે, દાઅવત કે ગુલિસ્તાઁ કા "

રિવાયતમાં મન્કૂલ છે કે, આપ મૌલાની તખ્તનશીની બાદ આપની હિદાયત, તાઅલીમ, તદબીર અને તફક્કુર ના સબબ ઈલ્મની નેહરે પાકીઝા જારી થાવાથી ઘણા લાઈલ્મ લોગો બેદાર થયા. દાઅવતની ઝુમામ અને લુગામ આપના હાથમાં આવવાથી મુમેનીન શરીઅતના હર અમરને લઈ ઉઠા અને નૈકી તરફ દિલો જાનથી માઈલ થયા. જમાઅતમાં આપની પરહૈઝગારી અને ઈન્સાફની બોલબાલા થાવા લાગી અને મુમેનીન તહેદિલથી આપની ખિદમત બજા લાવા.

આપના ઝમાનમાં ઝમરમરના કિલ્લા ઉપર બનુ તાજુદ્દીન બિન યાહયા એ ચડાઈ કીધી અને હમલાની તૈયારી કરવા લાગો. આપ મૌલાએ બાહોશી અને અકલમંદીનો મુઝાહેરો કરીને લશ્કરની બાગડોર આપના માઝૂન સૈયદી અબ્દુલ મુત્તલિબને સિપેહસાલાર બનાવીને સોંપી અને મુમેનીના દિલોમાંથી ખૌફ તેમજ દેહશતને દૂર કરીને એક અઝીમ તાકતવર લશ્કર તૈયાર કીધું. નતીજતન આપ મૌલાને આ લડાઈમાં ફત્હે મુબીન હાસિલ થઈ.

ઘણી વક્ત આપ આપના ફરઝંદ મૌલાઈ હસન ને સિપેહસાલાર બનાવીને લશ્કર સાથે મોકલીને આસપાસના અકસર કિલ્લાઓ ફત્હ કરાવતા અને લોગો આપની ઈતાઅતગુઝારીમાં દાખિલ થાતા. જે વક્ત આપે સનઆ પર કબ્ઝો કરવાનું મન બનાવું તો સનઆના સુલતાને આજિઝી અને ઈલ્તેમાસ સાથે સુલેહ કરવાની પૈશકશ-દરખ્વાસ્ત મોકલી. **આપે દુરંદેશી રાખીને મુમેનીનની સલામતીની ફિક્ર કરીને સુલેહ કરી લીધી.** થોડા વક્ત બાદ સુલતાને હજ્જથી મુશર્રફ થાવાનો ઈરાદો ઝાહિર કરતા, આપને પણ સાથે પધારવાનું ઈઝન આપું. મગર આપની તબીઅત નાદુરૂસ્ત હોવાના સબબ આપે મોહબ્બત અને ભાઈચારો વધારવા આપના માઝૂનને સુલતાન સાથે હજ્જની સફર પર રવાના કીધા. આ ઉમદા કદમના નતીજામાં ચારે તરફ અમનો અમાન કાઈમ થયું. મુમેનીન આપસમાં મોહબ્બત અને ઈત્તેહાદથી ઝિંદગી બસર કરવા લાગા. આ ખુશગવાર અને ઈખ્લાસના મા હૌલથી આપ મૌલા નું દિલ ઘણું શાદ થયું. હજ્જથી મુશર્રફ થઈને માઝૂન વાપસ આવતા આપે તેમને દિલો જાનથી વધાવી લીધા, ગલે લગાવા અને કાફલા સાથે જાનાર તમામ મુમેનીનની આપે પૈશાની ચૂમી દોઆએ ખૈર ફરમાવી. તે બાદ દાઅવતના તમામ ઊમૂર ઔર મુસ્તહકિમ-મઝબૂત થયા અને દાઈ, માઝૂન અને મુકાસિરના સાયએ શફકતમાં તમામ ઈલાકાઓના મુમેનીને ચૈનો કરારનો એહસાસ થયો. આ સિવાય અતરાફના મુખ્તલિફ શેહરો અને જઝીરાઓમાંથી પણ મુમેનીન આવીને હક્કની દાઅવતને કુબૂલ કરીને પોતાના જાનોને તસલ્લી બખ્શતા.

આપ મૌલાના ઝમાનમાં ઘણી જંગો થાવાના સબબ દાઅવતની માલી હાલત પૈચીદાહ થઈ ગઈ. આ કશીદગીના માહૌલમાં ૭૦૬ હિ.માં ૭ સફરના દિન આપના મુકાસિર ફાની દુનિયા છોડી ગયા અને આ જ સાલમાં ૨૩ જ.અવ્વલના દિન દાઅવતના ખંભા અને ખૈરખ્વાહ શૈખુલ ફાઝિલ અબ્દુલ્લાહ બિન મોહંમદ ખુદાની રહેમતમાં પહોંચી ગયા. આપ બેવે સાહબો દાઅવતમાં તૂર પહાડની મિસિલ ઉંચા મરતબામાં હતા. આપ મૌલાના દૌરે મયમૂનમાં ૧૨ માં દાઈએ મુત્લકના બે નૈક ખિસાલ ફરઝંદો - હુસૈન અને અબ્દુલ્લાહ - હર ઘડી આપની ખિદમતમાં રહેતા હતા અને દીનના કામોમાં હમેશા મદદગાર બનતા હતા. એમાં પણ નાના ભાઈ અબ્દુલ્લાહે પોતાની પુરઅસર કલમનો ઈસ્તેઅમાલ કરીને "અલ મુનીરા ફિલ માઅરેફતિલ હુદૂદિલ જઝીરા" નામના કિતાબ તસ્નીફ કીધા છે.

આપના દીગર ખિદમતગુઝારો જેમ મૌલાઈ અશ્શૈખ અલી બિન અસદ અને શૈખુલ ફાઝિલ અબ્દુલ્લાહ બિન મોહંમદના ઈન્તેકાલ બાદ આપ મૌલાની સેહતમાં નહીફી અને ઝઈફી વાકેઅ થઈ. આપે દાઅવતના હુદૂદો તેમજ ઓલમાને રૂબરૂ મજલિસ આરાસ્તા કરીને આપના માઝૂન સૈયેદી અબ્દુલ મુત્તલિબ પર નસ્સે જલી ફરમાવી દાઅવતે શરીફાની તમામ ઝિમ્મેદારીથી વાકિફ કરાવા.

આપની વફાત યમનમાં ૭૪૬ હિ. માં ૧૮ રજબ, રવિવારે વાકેઅ થઈ. આપના મઝારે પાક અને કબરે અનવર ઝમરમરમાં મૌજૂદ છે. આપનો લકબ શમ્સુદ્દીન છે. આપ મસ્નદે તૈયેબી પર ૧૬ વરસ, ૭ મહીના અને ૧૮ દિન ફાઈઝ રહ્યા. ★

## ૧૪ માં દાઇએ મુત્લક
## સૈયેદના અબ્દુલ મુત્તલિબ બિન સૈ. મોહંમદ (ક.રૂ.)

યમનની મુકદ્દસ અને પાક ઝમીન અણ ગિનત હીરા અને જવાહિરની શિકલમાં થઈ ગયેલા દોઆતે કિરામથી ઝરખૈઝ અને હરેલી-ભરેલી છે. અલ્લાહ જલ્લા શાનોહૂ એની રહેમત અને કરમનો સાયો આ ઝમીન ઉપર રહેતી દુનિયા તક બરકરાર રાખે.

સૈયેદના અલી બિન ઈબ્રાહીમ (ક.રૂ.) બાદ દાઅવતે મોઅઝઝમાના તખ્ત પર આપ મૌલા મુકીમ થયા. આપની ઈલ્મી લિયાકત અને ફઝલના સબબ મુમેનીનમાં આપની શાન અને અઝમત દોબાલા થઈ, આશકાર થઈ. આપે લોગોને દીનથી સરફરાઝ કરવા અને ખુદાના દીનનો પૈગામ નશર કરવા જગા જગા પર મદ્રસાઓ કાઈમ કીધા. ઈસ્લામ અને ઈમાનથી લોગોને મુઝય્યન કરવા આપે તમામ ઈલ્મી બાગડૌર આપના મુખ્લિસ બિરાદર ભાઈ સૈયેદનલ અબ્બાસને સિપૂર્દ કીધી અને જેહાદે કામિલ વાસ્તે આપે સૈયેદના ઈબ્રાહીમ (ક.રૂ.) ના ફરઝંદ શૈખુલ અજલ હસન બિન અલીને પસંદ કીધા, કેમકે આપ જંગો જિદાલના ફનમાં અને લડાઈના હર ઈલ્મમાં માહિતગાર હતા. આપ જંગના દૌરાન મુખાલિફો સાથે એ હુશિયારી અને જોશથી મુકાબેલો કરતા, ટક્કર લેતા કે મુખાલિફો આપની જંગની ફનકારી જોઈ ને જંગના રસ્તાને છોડી સુલેહ કરવા પર આમાદાહ થાતા. થોડા જ વક્તમાં આપ વફાત થયા તેથી સનઆ શહેરના સુલતાનને દાઈ સામે સર ઊઠાવવાની હિમ્મત થઈ, જંગ વાસ્તે લશ્કરને તૈયાર કીધું અને દાઈ તરફ જંગ કરવાનો પૈગામ પહોંચાવો.

સુલતાને સનઆના ઈરાદાને જાણી સૈયેદના અબ્દુલ મુત્તલિબે પણ અલ્લાહનું નામ લઈ એક અઝીમ લશ્કર તૈયાર કરવાનો હુકમ કીધો. લડાઈમાં આપ મૌલા એક્કા હોવાના સબબ ચોતરફથી મુમેનીન આપની હઝરતમાં હાઝિર થયા, એક અજીબ જોશ સાથે મુમેનીન જેહાદ વાસ્તે તૈયાર થયા. મુમેનીનનો જોશ જોઈ, તલવારોની ચમક અને ગુસ્સો જોઈ સુલતાનના સિપાહીઓ લરઝામાં આવી ગયા, હયરાનીમાં પડી ગયા. સુલતાનના સિપેહસાલારને જંગ ઈબ્તેદા કરતા પહેલા જ અંદાઝો આવી ગયો કે આ જંગમાં સુલતાનની ઘણી કરારી હાર થાશે, તે સબબ સુલતાને સુલેહ કરવાની પૈશકશ સૈયદના અબ્દુલ મુત્તલિબ તરફ મોકલી. આગલા દોઆતોના વતીરા અને તરીકાને ઈખ્તિયાર કરીને આપ મૌલાએ મુમેનીનની હલાકી અને જાનહાની ન થાય તે વાસ્તે સુલેહની પૈશકશને કુબૂલ કીધી. આજ સબબ લોગોમાં સુકૂન અને ફરહતનો માહૌલ બાકી રહ્યો, લોગો આપ મૌલાની ઈઝઝત-કરામત કરતા, શરીઅતના હર અમરને દિલો જાનથી કુબૂલ કરતા અને અમનો અમાન સાથે ઝિંદગી બસર કરવા લાગા.

થોડા વક્ત પછી સુલતાને હજ્જ પર જાવાનો ઈરાદો કીધો અને આપ મૌલાને પણ સાથે આવવાનું ઈઝન આપું. આપે ઝાતી કોઈ ઉઝર બતાવીને ઈઝનને કુબૂલ ન કીધું અને સુલતાનને પણ હજ્જ પર ન જાવાની તાકીદ કીધી. આ જવાબ વાંચી સુલતાન ખફા થયો અને કુરઆને કરીમની એક આયત દરજ કરીને આપ મૌલાને લખું કે, **"યાઅય્યો હલ્લઝીના આમનૂ માલકુમ એઝા કીલા લકુમુન્ફેરૂ ફી સબીલિલ્લાહે અસ્સાકલતુમ ઇલલ અરઝે અરઝીતુમ બિલ હયાતિદુનિયા મિનલ આખેરતે,"** "યાઅની અય તે લોગો જે ઈમાન લાવા, તમને શું થઈ ગયું છે કે જે વક્ત તમને કહેવામાં આવે કે રાહે ખુદામાં નીકલો તો તમેં ભારી થઈ ઝમીન તરફ લેહકો છો! શું તમેં આખેરતના બદલામાં દુનિયાની ઝિંદગી પસંદ કરી લીધી છે? સુલતાનની દલીલ અને બહેસથી આપ મૌલા ખુશ થયા. આપની મનાઈને નઝરઅંદાઝ કરીને સુલતાન પૂરા ઠાઠ અને દબદબા સાથે હજ્જ વાસ્તે રવાના થયો. દોઆતોના કલામમાં રાઝ અને હિકમત-અસરારને કોઈ જાણી કે પામી શકતું નથી. મક્કાએ મોઅઝઝમાથી રવાના થઈને મિના તરફ કૂચ કરતા રસ્તામાં બાદશાહે મિસિરનું તુર્કી લશ્કર સુલતાનના કાફલા પર ટૂટી પડું. કાફલાનો તમામ માલ-અસબાબ લૂટી લીધો, સુલતાન અને તેના સાથે તમામ અહલને પકડીને બાદશાહ પાસે લાવવામાં આવા. મિસિરના કર્ક નામના કિલ્લામાં સુલતાનને કૈદ કરવામાં આવો અને બેઈન્તેહા સખ્તી-ઝુલ્મ કરવામાં આવો. અંધારી કાલી કોટડીમાં સુલતાન તને તન્હા રોવા લાગો. કૈદથી છૂટવાની કોઈ સૂરતેહાલ નઝર ન આવતા પોતાની કિસ્મત પર નદામત અને પસ્તાવો કરવા લાગો અને સૈયદના અબ્દુલ મુત્તલિબની હજ્જ પર ન જાવાની તાકીદના અલ્ફાઝને યાદ કરવા લાગો અને અલ્લાહને નઝદીક દોઆ કરવા લાગો કે, **"અય પરવરદિગારે આલમ તું મારી ખતાઓને મઆફ કર, મારી દોઆને કુબૂલ કર અને આ મુસીબતથી મને આઝાદ કર."** આ હાલતમાં ૩ વરસનો અરસો ગુઝરી ગયો અને આ હંગામમાં મિસિરનો બાદશાહ ગુઝરી ગયો. તેની ગાદી પર નવા આવનાર બાદશાહે પોતાની તાજપોશીની ખુશીમાં તમામ કૈદીઓ ને આઝાદ કરી દીધા, જેમાં સુલતાન પણ શામિલ હતો. હિજરી ૭૫૪માં ઝિલહજ્જ મહીનામાં યમન આવીને આપ મૌલાની હઝરતે આલીયામાં હાઝિર થઈને સઘલી હકીકતોથી આપને ખબરગીર કરીને ખરા દિલથી દાઅવતે હાદીયાહનો ઈકરાર કીધો અને આપ મૌલાના હાથ પર ઈમાનની હબ્લ (રસ્સી) ને મઝબૂતી સાથે પકડી રાખવાનો મીસાક આપો.

આપ મૌલા દાઅવતનો કારોબાર બાખૂબી સંભાલતા અને હરચીઝ પર નઝર રાખતા હતા. **મુમેનીન ઇલ્મના પાનીથી સૈરાબ થાય તે વાસ્તે આપ હર મૌકા પર લોગોને નસીહતના મોતીઓ વંખેરીને દીન તરફ રગબત અપાવતા હતા** જેના સબબ મુમેનીનમાં આપની શાન અને મરતબો બલંદ થયો. આપનો ઈન્તેકાલનો વક્ત કરીબ આવતા આપે આપના ભાઈ સૈયેદના અબ્બાસને બોલાવા અને તેમના પર નસ કરવાના ઈરાદાને ઝાહિર કીધો. આ વાતની ખબર શૈખ હસન બિન સૈ. અલીને પહોંચી અને પોતાની બદગુમાની ના સબબ આપ મૌલાની હુઝૂરમાં આવવાનું બંધ કીધું. મગર સૈયેદના એ તે શૈખ હસનને બોલાવા અને તેમના બાવાજી કઈ તરહ દાઅવતની ખિદમત વાસ્તે વસીયત કરી ગયા છે, તે કલામ સંભલાવા અને તે મુજબ જ અમલ કરવાનું કહ્યું. શૈખ હસને સૈયેદનાની હઝરતે આલીયામાં મઆફી માંગી અને દાઅવતની ખિદમત અલા કુલ્લે હાલ બજા લાવવાનું વચન આપું. સૈયેદનાએ સઘલા હુદૂદ અને ફોઝલાને રૂબરૂ પોતાના બિરાદર સૈયેદના અબ્બાસ પર નસ્સે જલી ફરમાવી દાઈએ મુત્લકના તાજથી મુઝય્યન કીધા. તે બાદ આપ મૌલા આ દારે ફાનીથી દારે બકા તરફ કૂચ કરી ગયા. આપ તા. ૧૪ રજબ ૭૫૫ હિ. ના દિન ઝુમરમરમાં વફાત થયા. આપની દાઅવતનો દૌર દૌરો કુલ ૮ વરસ ૧૧ મહીના અને ૧૬ દિનનો રહ્યો છે. આપનો લકબે શરીફ નજમુદ્દીન છે. ★